સારી કામગીરી

પ્રતિબંધીત ચાઇનીઝ દોરી સાથે ૨ આરોપીઓને પકડી પાડતી શાહપુર પોલીસ

આગામી મકરસંક્રાતીના તહેવાર અનુસંધાને અમદાવાદ શહેરમા બહારથી ઘાતક ચાઇનીઝ દોરી લાવી ચોરી છુપીથી વેચાણ કરતા ઇસમો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સારૂ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી આશીષ ભાટીયા સાહેબ તથા મે. અધિક પોલીસ કમિશ્નર સેકટર-૧ શ્રી અમિત વિશ્વકર્મા સાહેબ નાઓએ આપેલ સુચના અનુસંધાને નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ શ્રી ધર્મેન્દ્ર શર્મા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર એસ.કે.ત્રિવેદી "સી" ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ શાહપુર પોલીસ સ્ટેશન અધિકારી/કર્મચારી કાર્યરત છે જે અનુસંધાને પોલીસ ઇન્સપેકટર શ્રી આર.કે.અમીન સાહેબનાઓએ ઉતરાયણના તહેવાર અનુસંધાને પોલીસ સ્ટેશન વિસ્તારમા ચાઇનીઝ દોરીનુ વેચાણ તેમજ હેરાફેરી અટકાવવા સારૂ સર્વેલન્સ સ્કોડ ના પો.સ.ઇ. શ્રી પી.જે.સોલંકી સાહેબ નાઓને આપેલ સુચના આધારે સર્વેલન્સ સ્કોડના અ.હે.કો. જાવેદખાન અખ્તરખાન બ.ન.૯૬૬૮ નાઓની ટીમના પો.કો. યુનુસખાન મુનાવરખાન બ.ન.૮૬૫૪ તથા પો.કો.જીતેશકુમાર રમેશભાઇ બ.ન.૬૫૦૩ નાઓને સંયુકત બાતમી હકીકત આધારે શાહપુર જે.પી.ચોક આગળ જાહેરમાથી આરોપી (૧) મોહમદ રફીક મોહમદમીયા શેખ ઉવ-૪૭ ધંધો-વેપાર રહે-૧૩૩૪/ગલી નં.૨ મોલની પોળ વડલાની સામે, દરીયાપુર અમદાવાદ શહેર તથા (૨)મોહમદઇદ્રીશ મેહમુદભાઇ મન્સુરી ઉવ-૨૮ રહે-૧૩૨૮/ગલી નં.૨ મોલની પોળ વડલાની સામે દરીયાપુર અમદાવાદ શહેર નાઓને બે બોક્ષમા કુલ્લે-૯૬ રોલની કિ રૂ. ૨૧,૧૨૦/- તથા બે મોબાઇલ ફોન ૪૫૦૦/- તથા રોકડ નાંણા-૯૦૦૦/- તથા એકટીવા નંબર GJ.01.MZ.1313 કિ.રૂ૧૨૦૦૦/- તથા રીક્ષા નંબર GJ.01.BY.7774 ૧૫૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ. ૬૧,૬૨૦/-ના મતાના મુદ્દામાલ સાથે પકડી અટક કરી શાહપુર પોલીસ સ્ટેશન ગુ.ર.ન. ૦૦૧૮/૨૦૨૦ ધી ઇપીકો કલમ ૧૮૮ તથા જી.પી.એકટ ૧૯૫૧ ની કલમ ૩૩(૧)(યુ),૧૧૩,૧૧૭,૧૩૧ મુજબ પ્રતિબંધિત ચાઇનીઝ દોરીના જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરેલ છે